સરકારની ટીકા કરી હતી. આવી છે.

# ઈસુ ખ્રિસ્ત પૂનર્જીવન પામીને કાશ્મીરમાં આવ્યા હતા?

## શ્રીનગર પાસે તેમની દફનવિધિ થયાની માન્યતા: ઉત્સુકતા જન્માવતું વધુ એક પુસ્તક



જમ્મુ અને કાશ્મીર રાજ્યના શ્રીનગરમાં રોઝાબાલ નામની દરગાહ આવેલી છે, અને ઈસુખ્રિસ્તને વધસ્તંભે ચડાવ્યા પછી તે ફરી દેહધારી બનીને આ વિસ્તારમાં આવ્યાની તથા અહિંની કબરમાં તેમની દફનવિધિ થયાની એક માન્યતા છે, આ વિસ્તારમાં ઈસુ યુઝ અસાફના નામથી ઓળખાતા હતા. તેમ મનાય છે.

આ માન્યતા વિશે ઈતિહાસનો કેટલોક આધાર લઈને કેટલાક પુસ્તકો લખાયા છે, હવે અશ્વિન સાંઘીએ આ વિષય પર ધી રોઝાબાલ લાઈન નામનું પુસ્તક લખ્યું છે, આ પુસ્તક દેશમાં ઘણા મહિનાઓ સુધી બેસ્ટ સેલ રહ્યું છે, તેણે ભારે રસ અને ઉત્તેજના જગાવી છે. હવે લેખક આ પુસ્તકના આધારે તેને ફિલ્મનું સ્વરૂપ આપવા પ્રયાસો કરી રહ્યા છે અને તે માટેની કથા લખી રહ્યા છે. ધી રોઝાબાલ લાઈનએ પશ્ચિમના લોકોમાં અને ખ્રિસ્તીઓમાં એટલો બધો રસ જગાવ્યો છે કે તેના કારણે પશ્ચિમના પ્રવાસીઓ આ દરગાહના દર્શનાર્થે ઉભરાય છે. આટલી મોટી સંખ્યામાં ખ્રિસ્તીઓ અને પશ્ચિમના લોકો અહીં આવે તે સામે સ્થાનિક લોકોની નારાજગી પ્રસરતા દરગાહનાં સંચાલકોને તે જાહેર દર્શનાર્થે બંધ કરવાની ફરજ પડી છે. લેખક અશ્વિન સાંઘી નિખાલસતાથી સ્વીકારે છે કે આ પુસ્તક ઐતિહાસિક કથા પર આધારિત હોવા છતાં તેમાં કલ્પનાત્મક કથાવસ્તુ ઉમેરીને તેને નવલકથાનું સ્વરૂપ અપાયું છે, પરંતુ ક્યારેક વાસ્તવિકતા, કલ્પનાથી પણ વધુ વિસ્મયજનક હોય છે અને તેથી અહિં આ ભેદરેખા ઓળંગાય છે અને કલ્પના પણ વાસ્તવિકતા જેવી બની રહે છે.

લેખકના મતે આ પુસ્તક, વાસ્તવમાં ધર્મોની પારસ્પારિક અસર અને સંમિશ્રીતતાને પ્રકાશમાં લાવે છે અને તેથી અત્યારે ચાલતા ધર્મો વચ્ચેના સંઘર્ષો ઘટાડવામાં પ્રદાન કરશે તેવી તેમની અપેક્ષા છે.